પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૩ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૨, મંગળવાર; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગોવામાં ૮૦, ઉત્તરાખંડમાં ૬૪ ટકા મતદાન

## સાંજે ૫ વાગ્યા સુધીમાં યુપીમાં ૯ જિલ્લાની ૫૫ બેઠકો પર ૬૩.૨૧ ટકા મતદાન

નવી દિલ્હી, તા.૧૪

ઉત્તર પ્રદેશ ચૂંટણીના બીજા તબક્કાની ૫૫ બેઠકો અને ઉત્તરાખંડ-ગોવાની તમામ બેઠકો પર સોમવારે મતદાન થયું હતું. ગોવામાં ૬૦ વિધાનસભા બેઠકો માટે મતદારોએ બમ્પર મતદાન કર્યું હતું. યુપીમાં સાંજે ૫ વાગ્યા સુધી ૬૩.૨૧ ટકા મતદાન થયું હતું. જ્યારે ઉત્તરાખંડમાં ૬૪ ટકા અને ગોવામાં ૮૦ ટકા મતદાન થયું હતું.

જો કે, યુપીમાં કેટલાક સ્થળોએ ધીમા મતદાન અને પાવર આઉટ થયાના અહેવાલો પણ છે. મુરાદાબાદની રાજકલા જનરેશન ગર્લ્સ ઈન્ટર કોલેજમાં પણ લાઈટ ન હોવાના કારણે મતદારોએ અડધો કલાક સુધી રાહ જોવી પડી હતી. જિલ્લા વહીવટી તંત્રએ લાઈટિંગ માટે પણ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી ન હતી. રામપુર વિધાનસભા સીટ પર ૫૬.૨ ટકા વોટ પડ્યા, જ્યાં સપાના ઉમેદવાર આઝમ ખાન છે. તે જ સમયે, સ્વાર વિધાનસભા બેઠક પર ૫૪.૧૩ ટકા મતદાન થયું હતું. આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લા અહીંથી સપાના ઉમેદવાર છે.





ઉત્તરાખંડના મુખ્ય ચૂંટણી અધિકારી સોવજન્યાએ જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# યુક્રેનમાં ભારતના ૧૮ હજારથી વધુ વિદ્યાર્થી ફસાયા

**રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ : ભારતીયોમાં મેડિકલ-એન્જીનીયરિંગનો અભ્યાસ કરવા યુક્રેનની યુનિવર્સિટીઓનો જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે**

વડોદરા, તા.૧૪

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિનું સર્જન થયું છે ત્યારે આ તણાવ વચ્ચે યુક્રેનમાં અભ્યાસ કરતા ભરતના ૧૮ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ ફસાયા હોવાની દહેશત વચ્ચે તે સ્ટુડન્ટસના પરિવારોના જીવ તાળવે ચોંટી ગયા છે. ભારતીય વિદ્યાર્થીઓમાં મેડિકલ અને એન્જીનીયરિંગનો અભ્યાસ કરવા માટે યુક્રેનની યુનિવર્સિટીઓનો જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે. દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીય છાત્રો યુક્રેન જતા હોય છે. યુક્રેન અને રશિયા વચ્ચેના સંભવિત યુદ્ધની અસર ગુજરાતી વિદ્યાર્થીઓ પર પડી છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ બની રહી છે, હાલ ત્યાં તણાવનો માહોલ છે ત્યારે યુક્રેનમાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થી ફસાયેલા છે.

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે ગુજરાતના ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરે છે. રશિયા અને યુક્રેનના યુદ્ધની તૈયારી ચાલી રહી હોવાથી ગુજરાતી વિદ્યાર્તીઓના વાલીઓ ચિંતિત બન્યા છે. સંભવિત યુદ્ધના કારણે ફ્લાઈટના ભાડામાં અધધધ વધારો કરાયો છે. સરકાર સંતાનોને પરત લાવવા મદદ કરે તેવી વાલીઓની માંગ ઉઠી છે. ત્યારે ગુજરાતી વિદ્યાર્થીઓના પરિવારજનોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજૂઆત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે ફ્લાઈટનું ભાડું સામાન્ય રીતે ૨૦

● અનુસંધાન પાન-૭ પર

# ભારતે સુરક્ષા માટે જોખમી ૫૪ ચાઈનિઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો

**ચીનની આક્રમકતાને ધ્યાનમાં રાખીને ભારતનું પગલું : સવિટ સેલ્ફી એચડી, બ્યૂટી કેમેરા-સેલ્ફી કેમેરા, ટેનસિએન્ટ ઝેવિયર, વિવા વીડિયો, એડિટર, ઓનમાયોજી અરેના, એપલોક, ડ્યૂઅલ સ્પેશ લાઈટનો સમાવેશ**

નવી દિલ્હી, તા.૧૪

દેશની સુરક્ષા માટે જોખમી ચાઈનીઝ એપ્સ પર ભારતે ફરી એક વખત પ્રતિબંધનું શસ્ત્ર ઉગામ્યું છે. આ વખતે ભારતે ૫૪ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લીધો છે. આ બધી એવી એપ્સ છે જેના દ્વારા ભારતની સુરક્ષાને લગતી મહત્ત્વની માહિતીની ચોરી થવાનો ભય હોય છે. સરહદ પર ચીનની આક્રમકતાને ધ્યાનમાં રાખીને ભારત ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મુકીને જવાબ આપી રહ્યું છે. ભારતે જે ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મુક્યો છે તેમાં સવિટ સેલ્ફી એચડી, બ્યૂટી કેમેરા – સેલ્ફી કેમેરા, ટેનસિએન્ટ ઝેવિયર, વિવા વીડિયો, એડિટર, ઓનમાયોજી અરેના, એપલોક અને ડ્યૂઅલ સ્પેશ લાઈટનો સમાવેશ થાય છે.

# ઈસરોએ PSLV-C52નું સફળતાપૂર્વક લોન્ચિંગ કર્યું

**EOS-04 સાથે ૨ સેટેલાઈટ અંતરિક્ષમાં મોકલ્યા : આજે સવારે ૫.૫૯ વાગે સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું**



નવી દિલ્હી,તા.૧૪

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠનએ આ વર્ષના પોતાના પહેલા મિશન હેઠળ આજે સેટેલાઈટ લોન્ચ કર્યો. આજે સવારે ૫.૫૯ વાગે મિશન પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલનેઁજીન્ફ-ઝપ૨ને સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું. મળતી માહિતી મુજબ ઈસરોએ આજે સવારે ઁજીન્ફ-ઝપ૨ મિશન હેઠળ ૩ સેટેલાઈટ લોન્ચ કર્યા છે. જેમાંથી એક ઈજી-૦૪ રડાર ઈમેજિંગ છે. જેને કૃષિ, વાનિકી, અને વૃક્ષારોપણ, માટીના ભેજ અને જળ વિજ્ઞાન તથા પૂર અને હવામાનની સ્થિતિઓ સંબંધિત હાઈ રિઝોલ્યૂશન ફોટા મોકલવા માટે ડિઝાઈન કરાયો છે. ઁજીન્ફ-ઝપ૨ દ્વારા ધરતીનો પર્યવેક્ષણ ઉપગ્રહ-૦૪ અંતરિક્ષમાં મોકલવામાં આવ્યો છે. અત્રે જણાવવાનું કે ઈસરોએ જાણકારી આપી હતી કે તે સોમવારે પોતાની યૂટ્યુબ ચેનલ પર ઁજીન્ફ-ઝપ૨ સેટેલાઈટના લોન્ચિંગનું સીધુ પ્રસારણ કરશે. આ સાથે જ તેનું લાઈવ સ્ટ્રિમિંગ સોમવારે સવારે ૫.૩૦ વાગ્યાથી શરૂ થશે. ઈસરોના જણાવ્યાં મુજબ આ સેટેલાઈટ લોન્ચિંગથી ઈસરોની યોજનાઓને ગતિ મળશે. આ સાથે જ અંતરિક્ષ એજન્સીનું લક્ષ્ય ચંદ્રયાન-૩ અને ગગનયાન સહિત ૧૯ સેટેલાઈટ લોન્ચ કરવા પર છે. એજન્સીના જણાવ્યાં મુજબ પૃથ્વી અવલોકન સેટેલાઈટ ઈજી-૦૪ સાથે બે નાના સેટેલાઈટ પણઁજીન્ફ-ઝપ૨ રોકેટ દ્વારા સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે. આ સેટેલાઈટ પોતાની કક્ષામાં સ્થાપિત થઈ ગયા છે.

ઈસરો આ વર્ષની શરૂઆતના ત્રણ મહિનાની અંદર પાંચ લોન્ચિંગની તૈયારીમાં છે. પહેલું ઈજી-૦૪, ત્યારબાદઁજીન્ફ-ઝપ૩ ૨ ઁઝઈછદ્રજીછ્‌-૩ અને ઁદ્રજી-૨મ્ માર્ચમાં લોન્ચ કરાશે. એપ્રિલમાં જીજીન્ફ-હ્૧ માઈક્રોસેટનું લોન્ચિંગ થશે. જો કે કોઈ પણ લોન્ચિંગની નિર્ધારિત તારીખ છેલ્લી ઘડી સુધી બદલાઈ શકે છે. કારણ કે કોઈ પણ લોન્ચિંગ પહેલા અનેક પ્રકારના માપદંડો જોવા પડતા હોય છે.

## દેશમાં માત્ર ૩૪ હજાર નવા કેસ

નવી દિલ્હી,તા.૧૪

દેશમાં હવે કોરોનાની ઝડપ સતત અટકી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૪ હજાર ૧૧૩ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન આ રોગચાળાને કારણે ૩૪૬ લોકોએ જીવ ગુમાવ્યા છે.

આ પહેલા રવિવારે કોરોનાના ૪૪ હજાર ૮૭૭ નવા કેસ સામે આવ્યા બાદ કુલ કેસની સંખ્યા વધીને ૪ કરોડ ૨૬ લાખ ૩૧ હજાર ૪૨૧ થઈ ગઈ હતી. જ્યારે રોગચાળાને કારણે વધુ ૬૮૪ લોકોના મોત થયા છે.

# શેરબજારમાં ૧૭૪૭ પોઈન્ટનો કડાકો

**રશિયા-યુક્રેન કટોકટીની શેરબજાર પર મોટી અસર : નિફ્ટીમાં ૫૩૨ પોઈન્ટનો મોટો કડાકો : ટાટા સ્ટીલ અને એચડીએફસી જેવા શેર છ ટકા જેટલા ઘટ્યા, સેન્સેક્સના ૩૦માંથી ૨૯ શેરમાં કડાકો આવ્યો**

મુંબઈ, તા.૧૪

રશિયા અને યુક્રેનની કટોકટીની ભારતીય શેરબજાર પર મોટી અસર પડી છે. રશિયા યુદ્ધ કરશે તો ઓઈલનો પૂરવઠો ખોરવાશે અને ઓઈલ મોંઘું થશે તેવી ગણતરીથી શેરબજારમાં આજે ભયંકર વેચવાલી જોવા મળી હતી જેમાં સેન્સેક્સ ૧૭૪૭ પોઈન્ટ ઘટીને બંધ આવ્યો હતો.

નિફ્ટી પણ ૫૩૨ પોઈન્ટ ઘટીને ૧૬૮૪૨ પર બંધ રહ્યો હતો. ટાટા સ્ટીલ અને એચડીએફસી જેવા મહાકાય શેર છ ટકા જેટલા ઘટ્યા હતા. સેન્સેક્સના ૩૦માંથી ૨૯ શેરમાં એકથી ૬ ટકા સુધી કડાકો આવ્યો હતો. એકમાત્ર ટીસીએસ તેની બાયબેક ઓફરની રેકોર્ડ ડેટ જાહેર થવાથી વધ્યો હતો.

નિષ્ણાતોએ જણાવ્યું કે અમેરિકા અને રશિયા વચ્ચે તણાવ વધી રહ્યો હોવાથી રોકાણકારોએ જોખમી એસેટ્સને વેચવાનું શરૂ કર્યું છે. ફેડની ઈમરજન્સી મિટિંગ અગાઉ પહેલેથી ચિંતાનું વાતાવરણ પ્રવર્તે છે. સ્થાનિક મોરચે વાત કરીએ તો ડબલ્યુપીઆઈ ફુગાવો ડિસેમ્બરના ૧૩.૫૬ ટકાથી ઘટીને જાન્યુઆરીમાં ૧૨.૯૬ ટકા થયો હતો.

બીએસઈ પર આજે ૩૬૭૦ શેરોમાં ટ્રેડિંગ થયું હતું જેમાં ૫૭૫ શેર વધ્યા હતા જ્યારે ૨૯૭૬ શેર ઘટ્યા હતા. આજે ૧૮૪ શેર બાવન સપ્તાહની ટોચ પર પહોંચ્યા હતા જ્યારે ૧૨૦ શેરમાં ૫૨ સપ્તાહનું તળિયું જોવા મળ્યું હતું. આજે ૨૫૬ શેરમાં અપર સર્કિટ લાગી હતી જ્યારે ૭૬૭ શેરમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે સેન્સેક્સ ત્રણ ટકા ઘટ્યો હતો જ્યારે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ ચાર ટકા તૂટ્યો હતો.

## સપ્તાહના પ્રારંભે રુપિયો ૨૦ પૈસા તૂટી ૭૫.૬૫ પર પહોંચ્યો

મુંબઈ, તા.૧૪

ક્રૂડ સાત વર્ષની ટોચે પહોંચ્યા બાદ હવે યુક્રેન-રશિયા વચ્ચે વકરી રહેલા વિવાદ અને ફેડની વ્યાજદર વધારવાની ચિંતા વચ્ચે વૈશ્વિક શેરબજાર અને ચલણમાં સોમવારે ભારે તારાજી સર્જાઈ છે. દલાલ સ્ટ્રીટમાં નવા સપ્તાહની શરૂઆત જ ૨%ના કડાકા સાથે થઈ છે અને સાથે-સાથે ભારતીય ચલણ પણ ૨૦ પૈસાના ઘટાડા સાથે ૭૫.૬૫ પર શરૂઆતી સત્રમાં ટ્રેડ કરી રહ્યો છે. વૈશ્વિક તંગદિલી વધતા અનિશ્ચિત્તાના માહોલમાં સેફહેવન ગણાતા ડોલર અને સોનામાં રોકાણ ખેંચાતા ગ્લોબલ કરન્સી બજાર પર દબાણ છે. આ સિવાય ક્રૂડની મક્કમ ચાલ પણ વૈશ્વિક અર્થજગતને નકારાત્મક અસર પહોંચાડી રહ્યું છે. રૂપિયો સોમવારે યુએસ ડોલરની સામે ૭૫.૫૩ પર ખુલ્યો હતો અને ગઈકાલના બંધ ભાવથી ૨૦ પૈસા તૂટીને ૭૫.૫૬ સુધી ઘટ્યો છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.




## ઉન્નાવમાં સપા-ભાજપ સમર્થકો વચ્ચેના ઘર્ષણમાં આઠ ઘાયલ

નવી દિલ્હી, તા.૧૪

ઉન્નાવ જિલ્લામાં આજે સપા અને ભાજપના સમર્થકો વચ્ચે ખુબ મારામારી થઈ. જેમાં મહિલાઓ અને બાળકો સહિત આઠ લોકો ઘાયલ થયા. પુરવા કોટવાલી વિસ્તારના હાથીખેડા ગામમાં રાજકીય વિવાદને પગલે બે જૂથો વચ્ચે લાકડીઓ ઉછળી. જેમાં ચાર યુવકોને ગંભીર ઈજા થઈ છે. હુમલામાં ત્રણ મહિલાઓ અને એક બાળક પણ ઘાયલ થયા છે. ભાજપ ઉમેદવારે દલિત સપા પદાધિકારી અને પરિજનોની પીટાઈનો આરોપ લગાવ્યો છે.

**Indian Coal at Subsidised Rates is available for sale in the State of Gujarat.**

MSME Industries interested in procuring coal from Western Coalfields Limited & South Eastern Coalfields Limited Subsidiaries of Coal India may contact :

**South Gujarat Federation of Industries**
Email : sgfi2021@gmail.com

**The Gujarat Coal Coke Traders & Consumers Association**
Email : gcctca@gmail.com

**Kathiawad Coal & Coke Consumers & Traders Association**
Email : kathicoal@gmail.com